Published on 20th June, 2020 RNI No.: MAHGUJ/2019/78228

# ઘોઘારી લોહાણા સામાજિક સંદેશ
# (Ghoghari Lohana Samajik Sandesh)

Year - 1 Volume - 4 Mumbai June - August 2020 Rs. - 5/-

લોહાણા ભવન, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮. - મોબાઈલ : +૯૧ ૯૯૮૭૨૪૦૪૦૪
ફોન : +૯૧ - ૨૨ - ૨૬૨૮ ૩૭૧૫ - E-mail : secretary@sglm.in - Website : www.sglm.in
તંત્રી : શ્રી રમેશ હરીલાલ ગઢીયા - સહતંત્રી : શ્રીમતી મીનાબેન પ્રકાશભાઈ મગદાણી, શ્રીમતી દિવ્યાબેન ચેતનભાઈ અઢીયા



## પ્રમુખ સ્થાનેથી

મારા પ્રિય જ્ઞાતિ બંધુઓ,

ઈ.વર્ષ ૨૦૨૦ની શરૂઆત એક એવી વૈશ્વિક મહામારીથી થઈ છે જેણે પૂરા વિશ્વને પોતાના સંકજામાં લઈને ત્રાહિમામ પોકારાવી દીધું છે. આ જૈવિક મહામારીએ દુનિયાના દરેકે દરેક દેશને અને તેની પ્રજાને આર્થિક, સામાજિક, શારીરિક, શૈક્ષણિક એમ દરેક ક્ષેત્રે પાછળ પાડી દીધાં છે. છતાં પણ દરેક દેશ પોતાની જનતાનાં સાથ અને સહકારથી આ વિપદામાંથી બહાર આવશે જ એની ચોક્કસ ખાત્રી છે. આપણા મહાજને પણ આવાં કપરા સમયમાં પોતાના જરૂરિયાતમંદ સભ્યોની તથા તેમના પરિવારની યથા શક્તિ કાળજી રાખી છે. આર્થિક, અનાજ, ઔષધ અને મેડિકલ સહાય સભ્યોને સમયસર પહોંચાડી છે.

સોશ્યલ ડિસ્ટન્સનાં હિસાબે આપણા મહાજને પોતાના કમિટીના સભ્યોની ઝુમ એપ દ્વારા એક ઐતિહાસિક સર્વ પ્રથમ ઓનલાઈન મિટિંગ તારીખ ૨૬.૦૪.૨૦૨૦ના રોજ બોલાવી હતી. જેમાં દરેક સભ્યે હાજર રહીને પ્રતિસાદ આપ્યો હતો અને સમાજના જરૂરિયાતમંદ લોકોને જોઈતી સહાય બદલ અગત્યના નિર્ણયો લીધા હતા.

મારા મિત્રસમ ભાઈ અને આપણા મહાજનના ટ્રસ્ટી શ્રી જનકભાઈના મોટા બહેન પરમ ભગવદીય શ્રીમતી રેખાબેન ભરતભાઈ રાજના દુ:ખદ અવસાન બદલ ખૂબ આઘાત લાગ્યો છે. તે ઉપરાંત આપણી માતૃ સંસ્થા લોહાણા મહાપરિષદનાં ભૂતપૂર્વ પ્રમુખશ્રી રવીન્દ્રભાઈ વાઘાણીના ધર્મ પત્ની શ્રીમતી જયશ્રીબેનનું પણ દુ:ખદ નિધન થયું. અને સ્નેહી શ્રી ગુલાબભાઈનું પણ અવસાન થયું. આ સર્વેના કુટુંબીજનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. અને દિલાસો આપુ છું.

આપણા મહાજનના ટ્રસ્ટી અને કાર્યદક્ષ એવા શ્રી અજીતભાઈ ઠક્કરના મિત્ર શ્રી વિમલભાઈ સેદાણી તરફથી અનાજ સહાય અને મહાજનના સભ્ય શ્રી રજનીકાંત નંદલાલ ગઢીયાની આર્થિક સહાય બદલ બંનેનો આભાર માનું છું.

મહાજનના દરેક કમિટીના સભ્યોએ આર્થિક, અનાજ, ઔષધ અને હૉસ્પિટલની સારવારની રકમની સહાય સમયસર લાગતા વળગતા સભ્યોને પહોંચાડવામાં મદદ કરી તે બદલ તેમની પ્રશંસા કરું છું.

આપણા મહિલા વિભાગની કાર્યકારી બહેનોએ પણ રાબેતા મુજબનું આનાજ વિતરણ આ લોકડાઉનના સમયમાં પણ ચાલુ રાખ્યું તે બદલ તેમને શુભેચ્છા.

અંધેરીની વાડી તથા જીણા બોઘાની વાડીનું કામકાજ રાબેતા મુજબ વ્યવસ્થિતપણે સંભાળાય રહ્યું છે.

મારા સહકારી ટ્રસ્ટીઓ, કમિટીના સભ્યોનો આ કપરા સમયમાં સાથ અને સહકાર આપવા બદલ આભાર માનું છું.

અંતમાં પરમેશ્વરને પ્રાર્થના કરું છું કે, આપણને સર્વેને તથા સમગ્ર વિશ્વને આ મહામારિના સંકટમાંથી ઉગારે અને પ્રગતિના પથ પર લઈ જાય એ અભ્યર્થના.

**- સતીષ વિઠલાણી**



## તંત્રી સ્થાનેથી

વ્હાલા વાચક મિત્રો,

વર્ષ ૨૦૨૦ આપણા દેશ અને આપણા સૌને માટે ખૂબ જ કપરું સાબિત થયું છે. કોવિદ્-૧૯ મહામારી એ સમગ્ર વિશ્વને ભરડામાં લીધું છે. અને લાખો લોકોને આની અસર થઈ છે અને લાખો લોકોએ મહામૂલા જીવન પણ ખોયા છે. આવા કપરા સમયમાં આપણે એકબીજાના પડખે તન, મન અને ધનથી ઊભા રહેવું એજ માનવતાનો સાદ છે. આપણું મહાજન આવા કપરા સંજોગોમાં પણ પોતાના સભ્યોની પડખે ઊભુ રહ્યું છે અને રહેશે. આ મુખપત્ર તૈયાર કરવામાં સાથ આપવા બદલ મારા સહકારીઓનો આભાર માનું છું. આ મુખપત્રના જાહેરખબર દાતાઓનો આભાર માનું છે. આ સંકટ સમયમાંથી પરમ પિતા પરમેશ્વર આપણને સૌને હેમખેમ બહાર કાઢે અને આપણું ઉજ્વળ ભવિષ્ય નિર્માણ કરવાની શક્તિ આપે એ જ પ્રાર્થના.

**- રમેશ હરીલાલ ગઢીયા**

VAJANI

ફરજ • આદર • ગર્વ

*With Best Wishes From*

# *Vajani Foundation*

*a philanthropic initiative under the virtuous leadership of Smt. Bina Vajani*

*The wise work for the welfare of the world, without thought for themselves.*

*The offering of Wisdom is better than any material offering.*

*- Bhagavad Gita*

*54, Anand Lok, New Delhi - 110 049*
*Krishna Villa, Monghibai Road, Vile Parle [East], Mumbai - 400 057*
*E: vajanifoundation@vajanis.com*

# તારીખ ૨૬.૦૪.૨૦૨૦ ની સભાની કાર્યવાહીની નોંધ

શ્રી ઘોઘારી લોહાણા મહાજન - મુંબઈના ટ્રસ્ટ બોર્ડ તથા વ્યવસ્થાપક સમિતિની સંયુક્ત સભા રવિવાર, તારીખ ૨૬.૦૪.૨૦૨૦ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ઓનલાઈન ઝુમ એપ દ્વારા મળી હતી.. જેમાં ૩૧(એકત્રીસ) સભ્યો જોડાયા હતાં.

## ટ્રસ્ટીશ્રીઓ

૧) શ્રી સતીષભાઈ વિઠલાણી
૨) શ્રી કુણાલભાઈ વજાણી
૩) શ્રી અજીતભાઈ ઠક્કર
૪) શ્રી જનકભાઈ ઠક્કર
૫) શ્રીમતી જ્યોતિબેન ઠક્કર
૬) કુ. ધર્મીબેન મગદાણી
૭) શ્રી કૃણાલભાઈ ગઢીયા

## વ્યવસ્થાપક સમિતિ સભ્યો

૧) શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા
૨) શ્રી જતીનભાઈ પોપટ
૩) શ્રી પ્રકાશભાઈ મગદાણી
૪) શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા
૫) શ્રી અજયભાઈ પોપટ
૬) શ્રી કવિતભાઈ ગઢીયા
૭) શ્રી મનોજભાઈ ગઢીયા
૮) શ્રી રમેશભાઈ ગઢીયા
૯) શ્રીમતી દિવ્યાબેન અઢીયા
૧૦) શ્રીમતી મીનાબેન મગદાણી
૧૧) શ્રી નેમિષભાઈ સાયાણી
૧૨) શ્રી નિખીલભાઈ આયા
૧૩) શ્રી પ્રવિણભાઈ મશરૂ
૧૪) શ્રી પંકજભાઈ મગદાણી
૧૫) શ્રી કિશોરભાઈ વજાણી
૧૬) શ્રી જયસુખભાઈ મશરૂ
૧૭) શ્રી કિરણભાઈ ગઢીયા
૧૮) શ્રી ધીરૂભાઈ તન્ના
૧૯) શ્રી મહેશભાઈ રાજા
૨૦) શ્રી જયેશભાઈ જોબનપુત્રા
૨૧) શ્રી જગદીશભાઈ ઠક્કર
૨૨) શ્રી ભદ્રેશભાઈ સોમૈયા
૨૩) શ્રીમતી છાયાબેન સોમૈયા
૨૪) કુ. કાજોલ વજાણી

સભાના પ્રમુખ સ્થાને સંસ્થાના પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણી રહ્યા હતાં.

સભાની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી.

સભાનું સંચાલન માનદ્મંત્રી શ્રી પ્રકાશભાઈ મગદાણીએ કર્યું હતું.

સભાની શરૂઆતમાં આપણા ટ્રસ્ટી શ્રી જનકભાઈ ઠક્કરના બહેન શ્રીમતી રેખાબેન ભરતભાઈ રાજ ના થયેલ અવસાન બદલ સૌ સભ્યોએ મૌન પાળી મૂક શ્રધ્ધાંજલિ આપી હતી.

### કાર્યસૂચિ નં. ૧ - ગત સભા તારીખ ૧૬.૦૨.૨૦૨૦ની મિનિટ્સનું વાંચન તથા બહાલી.

આપણે આપણા સર્વે ટ્રસ્ટીશ્રીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યોને તારીખ ૨૪.૦૪.૨૦૨૦ના રોજ ગત સભા તારીખ ૧૬.૦૨.૨૦૨૦ ની મિનિટસ વોટ્સએપ પર મોકલી આપી હતી. તથા સર્વેને જણાવવામાં આવ્યું હતું કે, મિનિટ્સમાં કોઈ સુચનો હોય તો જણાવશો. ઉપસ્થિત સભ્યો તરફથી કોઈ સુચનો ન આવતા મિનિટ્સને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

**રજુઆત કરનાર - શ્રી જગદીશભાઈ ઠક્કર**
**અનુમોદન કરનાર - શ્રી કિરણભાઈ ગઢીયા**

### કાર્યસૂચિ નં. ૨ - અત્યારની કોરોના વાયરસની આપાતકાલીન સ્થિતિમાં આપણી જ્ઞાતિના આર્થિક સહાય મેળવતા પરિવારોને તથા અન્ય જરૂરિયાતવાળા સભ્યોને આપવામાં આવેલ સહાયની રજુઆત.

ઉપરોક્ત બાબતે રજુઆત કરતા ઉપપ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયાએ જણાવ્યું હતું કે, અત્યારની કોરોના વાયરસની આપાતકાલીન સ્થિતિમાં આપણી જ્ઞાતિના સર્વે સભ્યોને

મોબાઈલમાં મેસેજ મોકલાવેલ જેમાં ૩(ત્રણ) સંપર્કસૂત્ર ૧) મહાજનશ્રીનો મોબાઈલ નંબર જે હંમેશ માનદ્‌મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા પાસે છે. ૨) આર્થિક સહાય સમિતિના કન્વીનર શ્રી મનોજભાઈ ગઢીયાનો તથા (મારો) શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયાના મોબાઈલ પર જાણ કરવા જણાવ્યું હતું. આ માટે જે સભ્યોની અરજી કે ફોન આવેલ તેઓ પાસે તેમની બેન્કની વિગત મંગાવવામાં આવી હતી. તથા આવેલ દરેક અરજીની વ્યવસ્થિત ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ટ્રસ્ટી ધર્મીબેન મગદાણી, શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, શ્રી મનોજભાઈ ગઢીયા તથા ત્રણેય માનદ્‌મંત્રી શ્રી જતીનભાઈ પોપટ, શ્રી પ્રકાશભાઈ મગદાણી તથા શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા અને શ્રી રામભાઈ ગઢીયાએ ફોન કરી કોન્ફરન્સમાં વિસ્તૃત વિચારણા કર્યા બાદ આવેલ અરજીને ધ્યાનમાં લઈ તેઓની જરૂરિયાત પ્રમાણે રૂા. ૨,૫૦૦/, રૂા. ૧,૫૦૦/- તથા રૂા. ૧,૦૦૦/- ની સહાય આપવામાં આવી હતી. જે તારીખ ૩૧.૦૩.૨૦૨૦ ના રોજ ૭૨(બોતેર) સભ્યોને રૂા. ૧,૬૬,૫૦૦/-, તારીખ ૦૮.૦૪.૨૦૨૦ના રોજ સભ્યોને રૂા. ૧૨,૦૦૦/- તા. ૧૩.૦૪.૨૦૨૦ના ૩(ત્રણ) સભ્યોને ૧૬,૦૦૦/- ની સહાય આપી હતી. આમ કુલ ૯૩(ત્રાણું) સભ્યોને રૂા. ૧,૯૯,૦૦૦/- ની સહાય આપવામાં આવી છે. આવેલ અરજીનું લિસ્ટ બનાવી ટ્રસ્ટી ધર્મીબેન અને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કરે જરૂરી કાર્યવાહી કરી મહાજનશ્રીના બેન્કના ખાતામાંથી જરૂરિયાતવાળા સભ્યોના ખાતામાં તેમની સહાયની રકમ ટ્રાન્સફર કરી હતી.

આ વર્ષે કોવિદ્‌-૧૯ ને હિસાબે અનાજ સહાય પ્રત્યક્ષ રૂપે અપાય તેમ ન હતી. તેથી અનાજ સહાય લેનાર દરેક સભ્ય અને બીજા જે જે સભ્યોએ અરજી કરી હતી, તે બધાની બેંકના ખાતાની વિગતો મંગાવી, તેમના દરેકના ખાતામાં રૂા. ૧,૦૦૦/- જમા કરવાનું, શ્રી ઘોઘારી લોહાણા મહાજનના ટ્રસ્ટી શ્રીમતી રશ્મિબેન વિઠલાણી અને શ્રી ઘોઘારી લોહાણા મહાજનના આર્થિક સહાય સમિતિના કન્વીનર શ્રી મનોજભાઈ ગઢીયાએ નક્કી કર્યું હતું. શ્રી ઘોઘારી લોહાણા મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કરને કહી મે મહિનામાં ૮૬ અને જુન મહિનામાં ૧૦૨ સભ્યોના દરેકના ખાતામાં રૂા. ૧,૦૦૦/- જમા કરાયા હતાં. આ રીતે ટોટલ રૂા. ૧,૮૯,૦૦૦/- ખીમજી ભગવાન ચેરીટેબલ ટ્રસ્ટ માંથી અનાજ સહાય રૂપે આપવામાં આવેલ છે.

શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયાની રજુઆતને ઉપસ્થિત સર્વે સભ્યોએ અનુમોદન આપ્યું હતું. પ્રમુખશ્રી સતીષભાઈએ આ ટીમના સર્વે સભ્યોને અભિનંદન આપ્યા હતાં અને જણાવ્યું હતું કે, હજુ પણ કોઈપણ સભ્યોની અરજી આવે કે બહારગામથી પણ કોઈપણની અરજી આવે તો, તેઓને પણ મદદ કરવી. પ્રમુખશ્રીની આ રજુઆતને ટ્રસ્ટી શ્રી જનકભાઈ ઠક્કરે અનુમોદન આપ્યું હતું.

શ્રી મનોજભાઈ ગઢીયાએ તબિબિ સહાય (હૉસ્પિટલની સહાય) માટે આવેલ ત્રણ અરજીની રજુઆત કરી હતી. અને જણાવ્યું હતું કે, આ લોકડાઉનની પરિસ્થિતિમાં તેઓ દવાના બીલો કે ડિસ્ચાર્જ પેપર પહોચાડી શકયા નથી. આ બાબતે વિસ્તૃત વિચારણા બાદ તેઓને પણ સહાય આપવા પ્રમુખશ્રીએ અનુરોધ કર્યો હતો. તથા તેઓ પાસેથી લોકડાઉન પુરું થયે પૂરા પેપર મહાજનશ્રીના કાર્યાલયમાં આપી જવા જણાવવું તેમ કહ્યું હતું.

મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કરે જણાવેલ કે, આપણા જે સભ્યોને મદદ આપવામાં આવે તેઓનું વ્યવસ્થિત લિસ્ટ બનાવી સહી કરીને આપે જેથી જરૂરિયાતવાળા સભ્યોના ખાતામાં સહાયની રકમ ટ્રાન્સફર કરવામાં સુવિધા રહે.

આગળ પ્રમુખશ્રી સતીષભાઈએ જણાવેલ કે, આપણે ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટમાંથી બહારગામના આપણા સભ્યો જે વિધવા-વિધુરને દર ત્રણ મહિને રૂા, ૧,૫૦૦/- ની સહાય મોકલી શકાય તો યોગ્ય કરવા માટે શ્રી મનોજભાઈ ગઢીયા તથા શ્રીદેવેન્દ્રભાઈ સોમૈયાને અનુરોધ કર્યો હતો.

ચેરમેન ટ્રસ્ટી શ્રી કુણાલભાઈ વજાણીએ જણાવ્યું હતું કે, અત્યારની કોરોના વાઈરસની મહામારીમાં મહાજનશ્રીના બીજા જે ખાતામાં બેલેન્સ હોય તેમાંથી અથવા બીજા ટ્રસ્ટના ફંડમાંથી પણ મહાજનશ્રીના સભ્યોની જરૂરિયાત પૂરી કરવા બાબતે ઠરાવ પસાર કરવા જણાવ્યું હતું. અને આ બાબતે સર્વાનુમતે ઠરાવ પાસ કરવામાં આવ્યો હતો.

**રજુઆત કરનાર - શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા**
**અનુમોદન કરનાર - શ્રી મનોજભાઈ ગઢીયા**

## કાર્યસૂચિ નં. ૩ - મુંબઈ મકાન જીણા બોઘાની વાડી તથા અંધેરી વાડી બાબત થયેલ કાર્યવાહીની રજુઆત.

ઉપરોક્ત કાર્યસૂચિ હાથ ધરવામાં આવતા પ્રમુખશ્રી સતીષભાઈએ જણાવેલ કે, મુંબઈ મકાન જીણા બોઘાની વાડીનું કામ શ્રી નેમિષભાઈ સાયાણી બહુ સારી રીતે સંભાળી રહ્યા છે. તેમણે આ બાબતે શ્રી નેમિષભાઈને રજુઆત કરવા જણાવ્યું હતું.

શ્રી નેમિષભાઈએ આ બાબતે રજુઆત કરતા જણાવેલ કે, આપણા મુંબઈ મકાનના ઘણા ભાડૂતો પોતાની જગ્યા વેચવા તૈયાર છે. તો આ લોકડાઉન પૂરું થયા પછી દિવાળી સુધીમાં આપણને નામ ટ્રાન્સફરના સારા એવા પૈસા આવશે. તથા આ કામમાં તેમને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કર તથા ટ્રસ્ટી શ્રી જનકભાઈ ઠક્કરનો સંપૂર્ણ સહયોગ મળી રહ્યો છે. શ્રી નેમિષભાઈની રજુઆતને સર્વે સભ્યોએ અનુમોદન આપ્યું હતું.

અંધેરી વાડી બાબતે રજુઆત કરતા પ્રમુખ શ્રી સતીષભાઈએ જણાવ્યું હતું કે, માનદ્‌મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા તથા શ્રી કૃણાલભાઈ ગઢીયા તથા આર્કીટેકટ શ્રી કુલેશભાઈ ત્રિવેદી સાથે મળીને સારા પ્રયત્નો કરી રહ્યા છે. તથા શ્રી વિનોદભાઈ ગઢીયાનો પણ સારો સહયોગ મળી રહ્યો છે. આ માટે તેમનો આભાર માનવામાં આવ્યો હતો.

આગળ તેમણે જણાવેલ કે, અંધેરી વાડીના રીડેવલપમેંટ માટે વાડી સમિતિની બે વખત મીટીંગ મળી હતી. તેમણે શ્રી કુલેશભાઈ ત્રિવેદીએ બનાવી આપેલ બેઝીક પ્લાનની રજુઆત કરી હતી. જેની વિસ્તૃત માહિતી આપતા જણાવેલ કે, આમાં મહાજનશ્રીને અંદાજે એક સ્ટીલ્ટ પાર્કિંગ મળે તથા અંદાજે ૫,૦૦૦ સ્કે. ફીટના મોટા હૉલ અને ડાઈનીંગ હૉલ પણ મળે એવા પ્રયત્નો કરી રહ્યા છીએ. લોહાણા ભુવન સોસાયટીને પણ એક સ્ટીલ્ટ પાર્કિંગ તો મળે જ. આ ઉપરાંત તેઓની શું જરૂરિયાત છે, તે જાણવું જરૂરી છે. અને આ માટે પ્રગતિ ડેવલપરના શ્રી નરેશભાઈ બારોટ તથા તેમના પાર્ટનર સાંઈ કિરણ બિલ્ડર સાથે પણ મીટીંગ કરવી જરૂરી છે. આ માટે આપણે મોટું મન રાખી સમયાંતરે સૌની સાથે મીટીંગ કરી આગળ વધીશું. તેમ જણાવ્યું હતું.

શ્રી કુણાલભાઈ ગઢીયાએ આ માટે જરૂરી કાયદાકીય સલાહ લઈને જ આગળ વધવાની તથા યોગ્ય નિર્ણય લેવાની જરૂર છે, તેમ જણાવ્યું હતું.

### કાર્યસૂચિ નં. ૪ - પ્રમુખશ્રીની રજાથી વધારાના કામમાં જે રજુ થાય તે પર ચર્ચા-વિચારણા.

૧) મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કરે મહાજનશ્રીના વર્ષ ૨૦૧૯-૨૦૨૦ ના હિસાબોની વિસ્તૃત રજુઆત કરી હતી. અને જણાવ્યું હતું કે, આપણા હિસાબ તૈયાર થઈ ગયા છે. તો તેને ઓડીટ કરાવવા મોકલવા માટે ઠરાવ પસાર કરવા જણાવ્યું હતું. પ્રમુખશ્રી સતીષભાઈએ આ માટે શ્રી અજીતભાઈને ખૂબ -ખૂબ અભિનંદન આપ્યાં હતા અને સૌને જણાવ્યું હતું કે, તેઓ હિસાબમાં ખૂબ પારદર્શિતા રાખે છે. અને દરેક સભામાં સમયસર હિસાબોની રજુઆત કરે છે. સૌ સભ્યોએ પ્રમુખશ્રીની રજુઆતને સમર્થન આપ્યું હતું. મે. ટ્રસ્ટી શ્રી અજીતભાઈએ રજુઆત કરતા જણાવેલ કે, આપણા હિસાબોની બેલેન્સશીટમાં નફાની જે વધારાની રકમ હોય તેને ઓડીટરની સલાહ મુજબ ફિકસ ડિપોઝીટમાં મૂકવા માટે ઠરાવ પસાર કરવા જણાવ્યું હતું. તથા આ માટે ઠરાવ પાસ કરવામાં આવ્યો હતો.

**રજુઆત કરનાર - શ્રી પ્રવિણભાઈ મશરૂ**
**અનુમોદન કરનાર - શ્રી જયસુખભાઈ મશરૂ**

૨) શ્રી અજીતભાઈ ઠક્કરે રજુઆત કરતાં જણાવેલ કે, ગત સભામાં આપણે મે મહિનામાં સામાન્ય સભાનું આયોજન કરવાનું નક્કી કર્યું હતું. પરંતુ અત્યારની આ લોકડાઉનની સ્થિતિમાં એ શકય નથી. તો આગામી સભામાં સામાન્ય સભાની તારીખ નક્કી કરવામાં આવે. સર્વે સભ્યોએ આ માટે પોતાની સહમતી આપી હતી.

૩) શ્રી રમેશભાઈ ગઢીયાએ મહાજનશ્રી દર મહિને ચુકવવામાં આવતા બીલો જેવા કે, ટેલીફોન બીલ, મોબાઈલ બીલ, લાઈટ બીલ, હાઉસ કીપીંગ બીલ વગેરે ચુકવવા માટે રજુઆત કરી હતી. આ ઉપરાંત આપણા માર્ચ ૨૦૨૦ ના સંદેશ મેગેઝીનનું પ્રીન્ટીંગનું બીલ પણ ચુકવવાનું છે. તેમ જણાવેલ. શ્રી અજીતભાઈ ઠક્કરે આ બાબતે જણાવ્યું હતું કે, કોઈપણ સમિતિના જે પણ બીલ આવે કે તરત એકાઉન્ટન્ટ પાસે એન્ટ્રી કરાવી દેવી જેથી તેઓને આ માટે યોગ્ય કાર્યવાહી કરાવવી ખબર પડે. પ્રમુખશ્રી સતીષભાઈએ રેગ્યુલર બીલો ચુકવી આપવા માટે જણાવ્યું હતું.

અંતમાં વધારાનું કોઈ કામ-કાજ ન રહેતા ઓનલાઈન સભામાં જોડાયેલા સર્વે સભ્યો, પ્રમુખશ્રી સતીષભાઈ વિઠલાણી અને ચેરમેન શ્રી કુણાલભાઈ વજાણીનો આભાર માની આજની સભા પૂરી થયેલ જાહેર કરવામાં આવી હતી.

## નોકરી માટે માર્ગદર્શન

નોકરીની જરૂરિયાતવાળા મહાજનના સભ્યોને જરૂરિયાત તથા લાયકાત પ્રમાણે નોકરી મેળવવામાં મદદ કરવામાં આવશે. નોકરીની જરૂરિયાતવાળા મહાજનના સભ્યો, ભાઈઓ તથા બહેનોએ પોતાનો સંપૂર્ણ બાયોડેટા, ફોટા સાથે મહાજનની અંધેરી ઑફિસે જમા કરવા. સંપર્ક : ૯૯૮૭૨ ૪૦૪૦૪

## આપણી જ્ઞાતિના ઉભરતા લેખક ભાઈ-બહેનો માટે

આપના મૌલિક, પ્રગટ - અપ્રગટ સાહિત્ય લેખો, કાવ્ય, લઘુકથા, જ્ઞાતિના કાર્યલયમાં મોકલવા કે જેથી સગવડતા પ્રમાણે આપણા મુખપત્રમાં છાપી વાચકો સુધી પહોંચાડી શકાય. તે માટે નીચે દર્શાવેલ બાબતોની ખાસ નોંધ લેવા વિનંતી.

૧) લખાણ કાગળની એક જ બાજુ પર લખવા વિનંતી.

૨) લખાણ વાંચી શકાય તેવા સુંદર અને સ્પષ્ટ અક્ષરમાં લખવુ જરૂરી.

૩) મોકલનારે પોતાનું નામ, સરનામું, સભ્ય નંબર તથા ફોન નંબર લખવો જરૂરી છે.

૪) લખાણ દરેક મહિનાની ૧૫ તારીખ પહેલા કાર્યાલયમાં મળી જવું જરૂરી છે.

૫) કૃતિઓ, લેખો, કાવ્યો વગેરે ગુણવત્તાના ધોરણે સંપાદક મંડળના નિર્ણયને આધારે જ સ્વીકારાશે. તથા છપાશે, જે માટે કોઈપણ જાતના ખુલાસા કે ચર્ચાનો અવકાશ રહેશે નહીં.






## મેડિકલ કેમ્પની તારીખ મુલતવી રાખવા બદલ

સમગ્ર દુનિયાના નિષ્ણાંતોની સુચના મુજબ Covid-19, નોવેલ કોરોના વાઈરસના ફેલાવવાને રોકવાના પ્રયાસ રૂપે લોકોના સમુહમાં ભેગા થવા પર પાબંદીના ભાગ રૂપે આપણા મહાજન દ્વારા આયોજિત ૨૨ માર્ચ ૨૦૨૦ નો મેડિકલ કેમ્પ મુલતવી રાખવામાં આવ્યો છે. નવી તારીખની જાહેરાત પછીથી કરવામાં આવશે.

શ્રી ઘોઘારી લોહાણા મહાજનશ્રીના મુખપત્ર સંદેશમાં આપના વ્યવસાયની અથવા સૌજન્યની જાહેરખબર આપી જ્ઞાતિના કાર્યમાં સહભાગી થવા વિનંતી.

### જાહેર ખબરના દર

| | | |
|---|---|---|
| ફૂલ પેજ | - ૧૦,૦૦૦/- | - 7.25" x 9.25" |
| હાફ પેજ | - ૬,૦૦૦/- | - 7.25" x 4.50" |
| ક્વાર્ટર પેજ | - ૩,૦૦૦/- | - 3.75" x 4.50" |
| વિઝીટીંગ કાર્ડ | - ૫૦૦/- | - 3.75" x 2.15" |

જાહેર ખબરની રકમ એકાઉન્ટ પેઈડ ચેક દ્વારા **'શ્રી ઘોઘારી લોહાણા મહાજન'** ના નામે અંધેરી ઑફિસે મોકલવા વિનંતી.

શ્રી ઘોઘારી લોહાણા મહાજનશ્રી દ્વારા મહાજનશ્રીએ ઠરાવેલ વિસ્તાર મુજબના જ્ઞાતિજનોને આર્થિક સહાય, શૈક્ષણિક સહાય તથા સ્વાસ્થ્ય (મેડિકલ) સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત અન્ન સહાય પણ આપવામાં આવે છે.

જે પણ સભ્યોને એપ્રિલ ૨૦૨૦ થી એપ્રિલ ૨૦૨૧ માર્ચ સુધી કોઈપણ સહાય જેવી કે આર્થિક, શૈક્ષણિક, તબીબી વગેરે લેવી હોય તેમણે **KYM** ફોર્મ પુરૂં ભરીને નીચે જણાવેલ બધા જ ડૉક્યુમેન્ટ સાથે મહાજનશ્રીની ઑફિસમાં સમયસર જમા કરાવવા. જે માટેના જરૂરી ફોર્મ આપણી અંધેરીની વાડીના કાર્યાલયમાંથી પૂર્ણ વિગત સાથે ભરી જરૂરી દસ્તાવેજો સાથે ઑફિસમાં આપી જવા. સંપર્ક માટે નીચેના ફોન નંબર પર સંપર્ક કરવા વિનંતી. ઑફિસ : ૦૨૨-૨૬૨૮૩૭૧૫, મોબાઈલ : ૯૯૮૭૨ ૪૦૪૦૪.

૧) છેલ્લા બાર મહિનાના ઈલેક્ટ્રીક અને ટેલિફોનના બીલ. ૨) મેઈનટેનન્સ બીલ અને ભાડા ચીઠ્ઠી અથવા ભાડાનું એગ્રીમેન્ટ કોપી. ૩) ઘરના દરેકે દરેક સભ્યોની છેલ્લા બાર મહિનાની પાસબુક. ૪) દરેક સભ્યના પેનકાર્ડ, આધાર કાર્ડની કોપી તથા ફોટા. ૫) કમાતા દરેક વ્યક્તિના આવકનું પ્રમાણપત્ર અથવા **ITR** ની કોપી. ૬) ઓરીજીનલ ડોક્યુમેન્ટ જોવા માટે સાથે લાવવા જરૂરી છે.

**નોંધ :** ઉપર જણાવેલ ડૉક્યુમેન્ટમાંથી કોઈપણ ડૉક્યુમેન્ટ નહી હોય તો અથવા ફોર્મમાં પૂરી વિગતો નહીં ભરાઈ હોય તો ફોર્મ રદબાતલ ગણાશે.

# શ્રધ્ધાંજલિ




**સ્વ. રેખાબેન રાજ પોપટ**

**।। શ્રી હરિઃ ।।**

**ગોલોકવાસી પરમ ભગવદીયા રેખાબેન ભરતભાઈ રાજપોપટ,**

વૈષ્ણવી દીનતાની તપોમૂર્તિ રેખાબેન, પોતાના જીવનકાળ દરમ્યાન કરેલ ગ્રંથસેવા અને ગુરુસેવાથી સદૈવ આપણી સ્મૃતિમાં જીવંત રહેશે. કાબુલમાં જ્યારે ભગવત્સેવાનો વિરહ થયો ત્યારે રેખાબેનના અંતરમાં બિરાજમાન પ્રભુએ આદેશ કર્યો કે, રેખા, ઊઠ તારે બહુ બધું કરવાનું છે, અને તે જ દિવસથી રેખાબેન ભગવદ્ કાર્યનો પ્રારંભ કર્યો અને તે દિવસથી જ એમનું જીવન ભગવદ્ સેવામાં સમર્પિત કર્યું.

સિંગાપોર નિવાસ દરમ્યાન પ્રભુની સેવાની રીત, વસ્ત્ર, સાજ, શ્રૃંગાર વગેરેની જાણકારી માટે રેખાબેનને સતત વિરહ કરાવ્યો અને ફલ સ્વરૂપે સર્વ વૈષ્ણવોને કૃષ્ણ સેવામાં રાગ, ભોગ, શ્રૃંગારની માહિતી સરલતાથી પ્રાપ્ત થાય તેવો "નિકુંજનાયક શ્રીનાથજી ગ્રંથ" ૬(છ) ભાગમાં પ્રકટ કરાવ્યો, જે વૈષ્ણવોને શ્રીઠાકોરજીની સેવામાં ખૂબ જ ઉપયોગી થયો.

નિકુંજનાયક શ્રીનાથજી ગ્રંથ પ્રકટ થયા બાદ શ્રીયમુનાજીની અનુગ્રહથી પૂજ્ય રેખાબેનને "શ્રી યમુનાષ્ટકમ્ ગ્રંથ" સચિત્ર પ્રકટ કરવાની પ્રેરણા થઈ. પરમ ભગવદીયા રેખાબેને ચિત્રકારોને માર્ગદર્શન આપી ચિત્રો તૈયાર કરાવ્યા અને શ્રી યમુનાષ્ટકના શ્લોકના દરેક ચરણનું વિસ્તૃત લખાણની સામે તે જ લખાણને અનુરૂપ ચિત્ર પધરાવીને સચિત્ર "શ્રી યમુનાષ્ટકમ્ ગ્રંથ" શ્રી યમુનાજીની કૃપાથી રેખાબેન દ્વારા પ્રકટ કરાવ્યો.

લિ.

**શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈ**

**સતીષ વિઠલાણી**

**પ્રમુખ**

# અંધેરી વાડી ખાતેનો હૉલ તથા ડાયનીંગ હોલ રસોડું તથા બે અદ્યતન રૂમો



મીટીંગ રૂમ



લગ્ન / પાર્ટી હૉલ



રૂમ નં. ૧



રૂમ નં. ૨



રસોડું



ડાયનીંગ રૂમ

## અગાઉથી બુકિંગ માટે સંપર્ક કરવો.

લોહાણા ભવન, પાલીરામ રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૮. - મોબાઈલ : +૯૧ ૯૯૮૭૨૪૦૪૦૪
ફોન : +૯૧ - ૨૨ - ૨૬૨૮ ૩૭૧૫ - E-mail : secretary@sglm.in - Website : www.sglm.in

# શ્રધ્ધાંજલિ

**માનનનીય શ્રી રવીન્દ્રભાઈ,**

બહેન શ્રી જયશ્રીબેનના દેહાવસાનના સમાચાર મળ્યા. કુદરતે નિર્મિત કરેલું આયુષ્ય ભોગવીને તેમણે વિદાય લીધી. ખૂબ સાલસ અને પ્રેમાળ સ્વભાવ. જ્યારે જ્યારે મળવાનું થતું ત્યારે ખૂબ આત્મીયતા પૂર્વક વાતો કરતાં.

આપના સારા અને ખરાબ સમયમાં તેઓ સતત આપની સાથેને સાથે રહ્યા. આપના કોઈ પણ કાર્યમાં તેમણે હંમેશા આપને યોગ્ય સાથ અને સહકાર આપ્યો.

આપની કેરિયરની સફળતામાં તેમનું ખૂબ મોટું પણ મૂક યોગદાન રહ્યું. છેલ્લા કેટલાક વર્ષોથી તેઓ શારીરિક રીતે ખૂબ થાકી ગયા હતા. પણ આપ સહુના સાથ સહકારથી તેઓ ઝઝુમતા રહ્યા અને સમય પૂર્ણ થયો ત્યારે પોતાનો દેહ ત્યાગ કરી દીધો.

ભગવદ્ ગીતામાં ભગવાને કહ્યું છે કે, જેમ મનુષ્ય પોતાના જૂના અને ફાટેલાં કપડાંનો ત્યાગ કરી નવા કપડાં ધારણ કરે છે. તે રીતે આત્મા બિમાર અને જીર્ણ શરીરનો ત્યાગ કરીને નવું શરીર ધારણ કરે છે.

આ અને આવા અનેક બોધ વચનોનું વાંચન અને મનન કરવાથીઆપ સૌને આ દુઃખના સમયમાં રાહત મળશે.

પરમ કૃપાળુ પરમાત્મા તેના આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના અને આપ સૌને આ આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

લિ.

**શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈ**

**સતીષ વિઠલાણી**

**પ્રમુખ**


Chic Ethnics

**AVNI DESIGNS**

202, Chintamani Kutir,
Plot No. 504, Azad Road,
Near Swami Narayan
Atithi Bhavan,
Vile Parle (East),
Mumbai - 400 057. INDIA
Tel.: 91-22-2613 3184
91-22-2615 3336
91-22-2612 6111
Fax : 91-22-2618 5007
E-mail : avnidesi@vsnl.com
avnidesi@mtnl.net.in
avnidesi@gmail.com

**BHARAT SEJPAL**
+91 - 7738238623
+91 - 8779618302


## મીસ્ડકોલ સર્વિસ

મહાજનશ્રીના સભ્યોને આપણા મહાજનની પ્રવૃત્તિઓની જાણ એસ.એમ.એસ. દ્વારા થઈ શકે તે માટે મહાજનશ્રી દ્વારા મીસ્ડકોલ સર્વિસ ચાલુ કરવામાં આવેલ છે. સભ્યોએ નીચે જણાવેલ નંબર પર પોતાના મોબાઈલમાંથી એક મીસ્ડકોલ ૦૨૨૬૮૧૪૯૬૬૦ નંબર પર આપવાનો રહેશે. આપનો નંબર ત્યાં રજીસ્ટર થઈ જશે અને આપને દર વખતે મહાજનની પ્રવૃત્તિઓ તથા કાર્યવાહીની જાણ એસ.એમ.એસ. દ્વારા થશે.


**JATIN V. POPAT**
Cell : 9223432745

**MITHUN J. THAKKAR**
Cell : 9223508909
9820004830

**HETAL CHEM IMPEX**
**PRABHAT TRADING CO.**

Importers & Dealears In Chemicals & Solvents

606/607, Crystal Paradise Co-op Society Ltd.,
Opp. Skoda Show Room, D. S. Marg,
Off. Veera Desai Road,
Andheri (West), Mumbai - 400 053, India

Tel.: 91 22 4903 2121
E-mail : sales@hetalchem.com
Website : www.hetalchem.com

# શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહમહારાષ્ટ્ર





મહિલા સમિતિના ઉપક્રમે ગુરૂવાર તારીખ ૪.૬.૨૦૨૦ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે Webinar (Zoom Meeting) પર આયોજિત કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન.

આજની **Covind - 19** ને લીધે લોકડાઉનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી તથા શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહમહારાષ્ટ્ર મહિલા સમિતિના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કરના નેતૃત્વ હેઠળ આ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકડાઉનની પરિસ્થિતિમાં એકબીજાને મળવું મુશ્કેલ હોવા છતાં પણ આધુનિક ટેકનોલોજીનો સુંદર ઉપયોગ કરી વેબીનાર પર કાર્યક્રમ ગોઠવી ભલે શરીરથી દૂર પરંતુ મનથી નજદિક હોવાનું જવલંત ઉદાહરણ પુરું પાડયું હતું.

આ કાર્યક્રમમાં શ્રીમતી મીનાબેન મગદાણી (યોગા, ટ્રેઈનર, કાઉન્સેલર તથા શ્રી લોહાણા મહા પરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતિના કમિટિ મેમ્બર) એ આજના આવા નાજુક સમયમાં રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે મનને મજબૂત તથા મક્કમ બનાવવું ખૂબ જ જરૂરી છે. અને તે માટે પ્રાણાયામ એક મહત્વનું પરિબળ છે. તેમ જણાવતા પ્રાણાયામને યોગનું એક મહત્વનું અંગ યોગનો આત્મા ગણાવી પ્રાણાયમ વિશેની વિસ્તૃત જાણકારી આપી હતી. અને કાર્યક્રમમાં હાજર રહેલ બહેનોના પ્રશ્નોના સંતોષકારક જવાબો પણ પૂરા પાડયા હતાં. વધુમાં ઉપસ્થિત બહેનોએ સાથે મળીને પ્રાણાયામ કર્યા પણ હતાં.


શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણીએ આ કાર્યક્રમમાં બધાને મળીને પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો. અને દરેકને આજની પરિસ્થિતિમાં ગભરાઈ ન જતા હિમંત રાખવી અને પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખતી શુભેચ્છા પાઠવી હતી. અને શ્રીમતી જ્યોતિબેન ઠક્કર શ્રીમતી, મીનાબેન મગદાણી તથા ઉપસ્થિત દરેકે દરેક સભ્યોનો ખરા હૃદયથી આભાર માન્યો હતો.

શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહમહારાષ્ટ્રના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કરે પણ શ્રીમતી રશ્મિબેન વિઠલાણીનો આભાર માનતા જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષથી આ સમિતિ નિર્વિઘ્ને કાર્ય કરી રહી છે. તેની પાછળ શ્રીમતી રશ્મિબેન વિઠલાણીની પ્રેરણા અને પીઠબળ મહત્વના છે. ઉપરાંત ઉપસ્થિત સર્વે સભ્યોનો સાથ-સહકાર પણ આટલા વર્ષમાં અવનવા કાર્યક્રમો આપવામાં રહ્યો છે. તે માટે ખૂબ જ



આત્મીયતાથી વ્યક્તિગત આભાર માન્યો હતો. આ ઉપરાંત આજના વિષય પ્રાણાયામની સુંદર માહિતી બદલ શ્રીમતી મીનાબેન મગદાણીનો પણ આભાર માન્યો હતો.

આ માહિતી સભર કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી લોહાણા મહાપરિષદના મહિલા સમિતિના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહમહારાષ્ટ્ર મહિલા સમિતિના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કર, મુંબઈ થી શ્રીમતી રજનીબેન સાયાણી, શ્રીમતી અનસૂયાબેન ઠક્કર, શ્રીમતી માધવીબેન સોમૈયા, શ્રીમતી શોભાબેન સુબા, શ્રીમતી મીનાબેન મગદાણી, નવી મુંબઈ થી શ્રીમતી શિલ્પાબેન, શ્રીમતી ભાવનાબેન, શ્રીમતી મીનાબેન, શ્રીમતી આશાબેન, પૂના થી શ્રીમતી અવનીબેન તથા શ્રીમતી કૃતિબેન, ઔરંગાબાદ થી શ્રીમતી રીટાબેન, ડોંબિવલી થી શ્રીમતી જયશ્રીબેન તથા શ્રીમતી રીટાબેન, બદલાપુર થી શ્રીમતી માલતીબેન, કલ્યાણ થી શ્રીમતી મીનાબેન, માલેગાંવ થી શ્રીમતી કિર્તિબેન, નાસિક થી શ્રીમતી જ્યોતિબેન તથા શ્રીમતી અંજુબેન, સાંગલી થી શ્રીમતી સોનલબેન, ઘાટકોપર થી શ્રીમતી દેવયાનીબેન તથા સતારા થી શ્રીમતી જ્યોતિબેને મહત્વનો ભાગ ભજવયો હતો.





કોવિડ-૧૯ની માહિતી અને બેડની ઉપલબ્ધતા માટે

આપના વોર્ડ કન્ટ્રોલ રૂમનો સંપર્ક કરો

| વિભાગ | નિયંત્રણ કક્ષ ક્રમાંક | વિભાગ | નિયંત્રણ કક્ષ ક્રમાંક |
|---|---|---|---|
| એ | 022-22700007 | કે/પશ્ચિમ | 022-26208388 |
| બી | 022-23759023 | પી/દક્ષિણ | 022-28780008 |
| સી | 022-22197331 | પી/ઉત્તર | 022-28440001 |
| ડી | 022-23835004 | આર/દક્ષિણ | 022-28054788 |
| ઈ | 022-23000150 | આર/ઉત્તર | 022-28947350 |
| એફ/દક્ષિણ | 022-24177507 | આર/મધ્ય | 022-28947360 |
| એફ/ઉત્તર | 022-24011380 | એલ | 022-26509901 |
| જી/દક્ષિણ | 022-24219515 | એમ/પૂર્વ | 022-25586301 |
| જી/ઉત્તર | 022-24210441 | એમ/પશ્ચિમ | 022-25284000 |
| એચ/પૂર્વ | 022-26635400 | એન | 022-21010201 |
| એચ/પશ્ચિમ | 022-26440121 | એસ | 022-25954000 |
| કે/પૂર્વ | 022-26847000 | ટી | 022-25694000 |

*૮મી જૂન ૨૦૨૦ના રોજ અપડેટ કરાયેલ નંબરો

@mybmc StopCoronavirus.MCGM.gov.in

સાર્વજનિક ઠેકાણે થૂંકશો તો રૂ. ૧૦૦૦/- દંડ કરવામાં આવશે.

PRO/181/ADV/2020-21

# શ્રી ઘોઘારી લોહાણા

# સંદેશ

## ને હાર્દિક શુભેચ્છા

જનક ચીમનલાલ ઠક્કર

સ્મીતા જનક ઠક્કર

કપિલ જનક ઠક્કર — નેહલ કપિલ ઠક્કર

હંસલ જનક ઠક્કર — પ્રિયા હંસલ ઠક્કર

આર્યન, માયરા, પુષ્ટી, ધારણ

માતુશ્રી જસવંતીબેન ચીમનલાલ કન્યાશાળા (બાબરા)

શેઠશ્રી ચીમનલાલ પુરશોતમદાસ કુમારશાળા (બાબરા)

# શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજ

## પિકનિક - મયુરવન રિસોર્ટ





શ્રી ઘોઘારી લોહાણા મહિલા મંડળે તારીખ ૨૮.૦૨.૨૦૨૦ને શુક્રવારે એક સુંદર મજાની પિકનિકનું આયોજન કરેલ હતું. વાડા (મનોર) પાસે આવેલ મયુરવન રિસોર્ટમાં એક બસ તથા બે કારમાં બધા મયુરવન રિસોર્ટ ગયા હતાં.

સવારે સાત વાવે સંસ્કાર જ્યોત અંધેરી થી બધા જ બહેનોએ ચા-કોફી અને બિસ્કીટ આરોગી બસમાં પ્રસ્થાન કર્યું હતું. સવારે ૯.૩૦ વાગે રિસોર્ટમાં જલેબી, ગાંઠીયા, પૌઆ, દાલ-પકવાન, બ્રેડ-બટર તથા ચા-કોફી જેવો ખૂબ જ સ્વાદિષ્ટ નાસ્તો કર્યો હતો.

ત્યાર બાદ, મ્યુઝીકની રમઝટ સાથે બધા એ સ્વિમીંગ પુલની મજા માણી હતી. રેઈન ડાન્સ, પુલ ડાન્સનો આનંદ લીધો હતો. બપોરે લંચમાં શ્રીખંડ-પુરી, મગની દાળની કચોરી, બે શાક, ઢોકળા વગેરે સ્વાદિષ્ટ વાનગીઓની મજા માણી થોડીવાર બધાએ ઝાડ નીચે રાખેલા ખાટલાઓમાં આરામ કર્યો હતો. ત્યાર બાદ, ચા-કોફી અને ગરમા-ગરમ ખીચું ખાઈને બધા વિવિધ ગેમ્સ રમવા બેઠા હતા.

પ્રમુખ શ્રીમતી પ્રીતિબેન સોઢા અને ટ્રસ્ટી શ્રીમતી ભાવનાબેન તન્નાએ બધાને અવનવી ગેમ્સ રમાડી હતી. શ્રીમતી ફાલ્ગુનીબેન કક્કડે પણ રમતો રમાડવામાં ખૂબ જ સહયોગ આપ્યો હતો. વિજેતા બહેનોને ઘણાં બધા ઈનામો અપાયા હતાં.

રમત-ગમતનો આનંદ માણ્યા પછી મયુરવન રિસોર્ટમાં થોડીવાર ફરીને બધાએ હરિયાળી પ્રકૃતિના દર્શન કર્યા હતા. યાદગીરી રૂપે ફોટાઓ પાડયા હતા. સાંજે ૭.૦૦ વાગે પાણીપુરી, સેવપુરી, ભેળ, પાવભાજી તથા કઢી-ખીચડીનું રાત્રી ભોજન કરી સહુ ઘર તરફ પ્રયાણ કરવા ફરી બસમાં ગોઠવાયા હતા. ફરી ગીતોની રમઝટ બોલાવી હતી.

સિનીયર સીટીઝનોએ પણ પુલમાં નાહીને જે મજા કરી હતી, તે જોઈને બધાનો આનંદ બેવડાઈ ગયો હતો. પિકનિક ખરેખર આનંદપ્રદ અને યાદગાર બની રહી હતી.





## તબીબી સહાય સમિતિ અહેવાલ

આ મહામારી કોવિદ્ - ૧૯ નાં કપરા લોકડાઉનનાં સમયમાં મહાજનના સભ્યોને જીવન જરૂરિયાતની ઔષધિ સમયસર અને નિયમિત મળતી રહે તેની કાળજી આપનું મહાજન અને તેની કમિટીના સભ્યો સતત રાખી રહ્યાં છે. માર્ચ ૨૦૨૦ થી ૨૪ જુન ૨૦૨૦ સુધીમાં ઔષધ તથા તબીબી સહાય માટે આવેલ ૩૩ અરજી પેટે કુલ રૂપિયા ૮૩,૬૮૦/- ની સહાય જરૂરિયાતમંદ સભ્યોને અપાય હતી. જે પેટે ૩૧ સભ્યોને રૂપિયા ૩૭,૬૩૦/- ની ઔષધ સહાય અને ૨ સભ્યોને ૪૬,૦૫૦/- રૂપિયાની તબીબી સહાય આપી હતી. અંધેરી વાડીની આપણી ઑફિસ લોકડાઉનને કારણે બંધ હોવા છતાં **Watts app** દ્વારા સભ્યોના પ્રિસ્ક્રીપ સન મંજૂર કર્યા અને લાગતા વળગતા સભ્યોનાં બેન્ક થાતામાં રકમ પહોંચતી કરાય હતી. આ સભ્યોને વિનંતી કરવામાં આવી હતી કે, આપણી ઑફિસ ફરી કાર્યરત થતાં જરૂરી ફોર્મ ભરીને પહોંચતા કરવા.

- **શ્રી પ્રકાશભાઈ મગદાણી** (તબીબી સહાય સમિતિ કન્વીનર)

મહાજન દ્વારા અપાતી ઔષધ સહાયની સેવાઓનો હાલમાં લાભ લેતા સભ્યો તથા ભવિષ્યમાં લેવાની ઈચ્છા રાખનારા સભ્યોએ ખાસ નોંધ લેવાની કે, હવે પછી થી તાત્કાલિક અમલમાં આવે તે રીતે તમે તમારા ડૉકટર પાસે ચેક-અપ કરાવવા જાઓ તો, તમારા ડૉકટરને ખાસ ભલામણ કરવી કે તેઓ જેનરીક દવાઓ લખી આપે સરકારના ફરમાન અને સૂચન મુજબ મોંઘી પેટન્ટ દવાઓને બદલે જેનરીક દવાઓના પ્રીસ્ક્રીપસન લખાવવા. જેથી મહાજન વધુમાં વધુ સભ્યોને ઔષધી સહાયનો લાભ આપી શકે.

## શિક્ષણ સહાય સમિતિ અહેવાલ

મહામારી કોવિદ્ - ૧૯ ની અસરને કારણે શાળા તથા કૉલેજમાં ઓન લાઈન ભણતર થયું હતું. શાળાની પરીક્ષાઓનાં પરિણામ વિદ્યાર્થી ઓના વર્ષ દરમિયાનના ભણતરનાં આધારે લેવામાં આવ્યાં. પરંતુ નવી ટર્મની શરૂઆત થઈ જતાં શાળા તથા કૉલેજની ફી માટે જરૂરિયાતમંદ વિદ્યાર્થી ઓને ઓન લાઈન ફોર્મ ભરીને સ્કેન કરીને શિક્ષણ સમિતિના સભ્યોને ઓન લાઈન મોકલવા જણાવ્યું હતું. તે દરમિયાન ત્રણ વિદ્યાર્થીની અરજી આવેલ હતી, જેમને કુલ રૂપિયા ૮૪,૫૫૦/- ની સહાય કરવામાં આવી હતી.

- **કુ. ધર્મીબેન મગદાણી** (શિક્ષણ સહાય સમિતિ કન્વીનર)

## આર્થિક સહાય સમિતિ અહેવાલ

પ્રમુખશ્રીનાં સુચન મુજબ આપણા સમાજનાં સભ્યોને કોવિદ ૧૯ મહામારીના સમયમાં કોઈ મદદની જરૂરિયાત હોય તો એસ.એમ.એસ. દ્વારા જાણ કરવામાં આવેલ, જેના પ્રતિસાદ રૂપે મેમ્બરોના ફોન આવેલ. તેમની તાત્કાલિક આર્થિક જરૂરિયાતો માટે ટોટલ ૬૯ સભ્યોને માર્ચ / એપ્રિલ મહિના માટે રૂા. ૧,૫૯,૫૦૦/- ની કોવિદ ૧૯ પેટે સહાય આપવામાં આવી હતી. આ ઉપરાંત નિયમિત આર્થિક સહાય પેટે ૫૯ સભ્યોને એપ્રિલ ૨૦૨૦ની સહાય પેટે રૂા. ૧,૫૪,૫૦૦/- ની રકમ મે ૨૦૨૦માં બેન્ક દ્વારા તેમનાં ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતાં. આમ કુલ ૧૨૮ સભ્યોને રૂા. ૩,૧૩,૫૦૦/- ની આર્થિક સહાય અપાય હતી.

- **શ્રી મનોજભાઈ ગઢીયા** (આર્થિક સહાય સમિતિ કન્વીનર)

આપણા સમાજના સભ્યોના પરિવારના શુભ તથા અશુભ પ્રસંગોની વિગતો આપણા મુખપત્રમાં નિઃ શુલ્ક, જગ્યાની સગવડતા અનુસાર છાપવામાં આવશે. જેની વિગત ટૂંકાણમાં આધાર કાર્ડની ઝેરોક્ષ કોપીની સાથે સમયસર અંધેરી ઑફિસમાં મોકલવી જરૂરી છે.

આ મુખપત્રમાં છપાયેલ માહિતી, લેખો તથા અન્ય વિગતો મુખપત્રના પ્રકાશક, તંત્રી કે લેખકની લેખિત પરવાનગી વગર અન્યત્ર છાપવી નહીં.

### Stand Up India - Start Up India

ગૃહઉદ્યોગ, લઘુઉદ્યોગ, લઘુ રોજગાર દ્વારા પોતાના સ્વબળે આગળ અને ઉપર આવવા માગતા સભ્યોએ પોતાની યોગ્યતા પ્રમાણે તથા જરૂરિયાત મુજબ જરૂરી દસ્તાવેજો સાથે મહાજનશ્રીના કાર્યાલયમાં અંધેરી ખાતે શ્રી મનોજભાઈ ગઢીયાનો સંપર્ક કરવો.

## આભાર વિધિ

**આદરણીય. શ્રી. વિમલભાઈ સેદાણી વિલે પાર્લે, મુંબઈ.**

જય શ્રી કૃષ્ણ, આ મહામારી (કોવિદ્ - ૧૯) નાં કપરા સમયમાં, સમાજના નબળાં વર્ગના લોકોને પૂરતી આવકનાં અભાવને લીધે રોજીંદા જીવનમાં ખાધાખોરકીની વસ્તુઓ મેળવવામાં મુશ્કેલી પડતી હોય છે. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી પરિવારના સભ્યોનું ભરણ પોષણ કરવું મુશ્કેલ થાય છે.

આવા કપરા સમયમાં આપ જેવા પરગજુ અને લાગણીશીલ વ્યક્તિ સમાજના આવા નબળાં વર્ગની પડખે ઊભા રહીને તેમને જીવન જરૂરિયાતની વસ્તુઓ પૂરી પાડવામાં સહાયરૂપ બન્યા છો. આ એક માનવતાનું જીવંત ઉદાહરણ છે. આપના તરફથી મહાજનના ૩૮(આડત્રીસ) સભ્યોને જીવન જરૂરિયાતની વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું. શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈ તથા તેના ટ્રસ્ટીઓ, કમિટીના સભ્યો, આપનો હાર્દિક આભાર માને છે અને આપને તથા આપના પરિવારને ઈશ્વર ક્ષેમકુશળ રાખે અને સતત આપને આવા ઉમદા સદકર્યો કરવાની પ્રેરણા આપે તેવી પ્રાર્થના કરે છે.

**શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈ**
**સતીષ વિઠલાણી**
**પ્રમુખ**

**આદરણીય, શ્રી રજનીકાંતભાઈ ગઢીયા, મુંબઈ.**

જય શ્રી કૃષ્ણ, આ મહામારી (કોવિદ્ - ૧૯) નાં કપરા સમયમાં, સમાજના નબળાં વર્ગના લોકોને પૂરતી આવકનાં અભાવને લીધે રોજીંદા જીવનમાં ખાધા ખોરાકીની વસ્તુઓ મેળવવામાં મુશ્કેલી પડતી હોય છે. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી પરિવારના સભ્યોનું ભરણ પોષણ કરવું મુશ્કેલ થાય છે.

આવા કપરા સમયમાં આપ જેવા પરગજુ અને લાગણીશીલ વ્યક્તિ સમાજના આવા નબળાં વર્ગની પડખે ઊભા રહીને તેમને જીવન જરૂરિયાતની વસ્તુઓ પૂરી પાડવામાં સહાયરૂપ બન્યા છો. આ એક માનવતાનું જીવંત ઉદાહરણ છે.

આપની ઈચ્છા મુજબ શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈના કાર્યકર્તા સભ્યોએ આપના વતીથી કુલ ૩૮(આડત્રીસ) સભ્યોને ખાધા ખોરાકીનો સામાન પહોચાડેલ છે.

શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈ તથા તેના ટ્રસ્ટીઓ, કમિટીના સભ્યો, આપનો હાર્દિક આભાર માને છે અને આપને તથા આપના પરિવારને ઈશ્વર ક્ષેમકુશળ રાખે અને સતત આપને આવા ઉમદા સદ્કાર્યો કરવાની પ્રેરણા આપે તેવી પ્રાર્થના કરે છે.

**શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈ**
**સતીષ વિઠલાણી**
**પ્રમુખ**

## મારણ કોરોના

હિંદુસ્તાનનો સિંહ વરશે,
લોકોના હૃદયમાં વરશે,
ગરીબોના આંહુડામાં વરશે,
મધ્યવર્ગ માનવતામાં વરશે,
અમીરોની ઉદારતામાં વરશે,
વિશ્વની માનવતામાં વરશે,
વરશે વરશે કેવો વરશે ?

માયુંની મમતામાં વરશે,
બહેનુના ભાતૃપ્રેમમાં વરશે,
પુત્રના પિતૃપ્રેમમાં વરશે,
પૌત્રપૌત્રીના વહાલે વરશે,
મિત્રના ભાવોમાં વરશે,
વરશે વરશે કેવો વરશે ?

શત્રુના સરહદે વરશે,
આંતકના અંતિમ ચરણે વરશે,
ભ્રષ્ટાચારના ભંડકીયાં વરશે,
કોમીવાદીના કાયદામાં વરશે,
રાષ્ટ્ર સન્માનના ગૌરવે વરશે
વરશે વરશે કેવો વરશે ?

બુગામની બૂમરાણમાં વરશે,
કોરોનાના કેરમાં વરશે,
વાયરસના વાયરામાં વરશે,
ભારતને કોરા બહાર સંકલ્પે વરશે,
લોકઆઉટના બંધે વરશે,
'ગિરી' માળાનો સાવજ વરશે,
થરથર કાંપે !
ઘર ઘર નાંપે !
ઝાંપે ડોકાતો-
કોરોના વાયરસ કાંપે !
નમો નમોના નાદે કાંપે !

**ગિરીશ ફ્રેશવાલા - દ્વારા**
**ભારતના 'સાવજ મોદીજી'ને અર્પણ.**

# Vajani Wealth Management

Vajani Securities Pvt. Ltd.

## Services offered by Vajani Wealth Management

- Equity
- Mutual Funds
- Portfolio Management Services
- IPOs
- Fixed-Income
- Private Equity
- Alternate Investment Funds
- Real Estate Funds

301/302, Sangam Arcade, Vallabhai Patel Road,
Vile - Parle (W), Mumbai - 400 056,
Contact: 022-26127723, 9987053355. Email: info@vajani.in

સ્થાપના : રામનવમી ૧૯૮૧

# લોહાણા મિલન

૨૦/૨૧, સિલ્વર સેન્ડસ, લોખંડવાલા લીંક રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૨.

ગુરૂવાર, તા. ૦૨.૦૪.૨૦ ના રામનવમી થી શરૂ થતાં 'મિલન' ના ૪૦ માં જન્મ દિવસે આપ સૌ ગુલમહોરી મિત્રોને 'મિલન' માં સભ્ય થવા ઈજન પાઠવે છે.

## ૪૦માં વર્ષે મિલનના કાર્યક્રમોની ઝલક

★ વર્ષના ૬/૭ ડીનર સાથેના કાર્યક્રમો તથા લક્કી ડ્રો દ્વારા ઈનામો.
★ ૧ વરસાદી પીકનીક - ૧ DOMESTIC TOUR - ૩/૪ નાટક/પીકચર.
★ ૪૦મા વર્ષના અંતિમ કાર્યક્રમની જબરદસ્ત ઉજવણી સાથે એક આકર્ષક ગીફ્ટ.
★ રામનવમી તારીખ ૦૨.૦૪.૨૦૨૦ના કાર્યક્રમ પહેલા સભ્ય થનાર (નવા/જુના) ને એક અનોખી ભેટ.

## ૪૦માં વર્ષની સભ્ય ફી

દંપતિ સભ્ય ફી : રૂા. ૧૦,૫૦૦/-     સિંગલ સભ્ય ફી : રૂા. ૫,૫૦૦/-

બાળ સભ્ય ફી : રૂા. ૫,૦૦૦/- (તારીખ ૩૦.૦૩.૨૦૧૨ પછી જન્મેલા). દાખલ ફી રૂા. ૧,૦૦૦/- ફોર્મ દિઠ.

(Cheque in the Name of "LOHANA MILAN")

## સભ્ય થવા માટે સંપર્ક

પ્રમુખશ્રી - શ્રી ગીરીશ ઠક્કર : ૯૮૨૧૧૫૮૯૩૩
તત્કાલીન પ્રમુખ - શ્રી જયંત તન્ના : ૯૩૨૨૨૭૦૪૪૫
ઉપપ્રમુખ - શ્રી પ્રવિણ વજાણી : ૯૮૬૯૨૦૨૫૩૬
માનદ્‌મંત્રી - શ્રી હરેશ ફાફડીયા : ૯૮૨૧૪૮૪૮૦૦
માનદ્‌મંત્રી - શ્રી નરોત્તમ મીરાણી : ૯૮૨૧૩૧૩૩૦૭
ખજાનચી - શ્રી ધર્મેશ તન્ના : ૯૯૬૭૯૦૦૪૯૯
ખજાનચી - શ્રી હિમાંશુ દેવાણી : ૯૯૬૭૫૦૨૧૬૧

# થેલેસેમિયા વિશે માહિતી

## થેલેસેમિયા શું છે ?

આ એક પ્રકારનો લોહીનો વિકાર છે. આમાં લોહીમાં હિમોગ્લોબીનનું પ્રમાણ જરૂરિયાત કરતાં ઓછું હોય છે. આ એક વારસાગત રોગ છે. હિમોગ્લોબીન એક જાતનું લોહીના લાલકણમાં ઓકિસજનનો પુરવઠો પહોંચાડનાર પ્રોટીન છે. થેલેસેમિયાના રોગીઓનાં લોહીમાં હિમોગ્લોબીનનું પ્રમાણઓછું હોવાથી તેઓ અનેમિયા નામના રોગથી પીડાય છે.

## રોગના લક્ષણો :

થેલેસેમિયાનાં રોગના લક્ષણો દર્દીના રોગની ગંભીરતા પ્રમાણે અલગ અલગ હોય શકે છે. પરંતુ રોગના સામાન્ય લક્ષણો નીચે મુજબ છે.

૧) શારીરિક નબળાઈ.

૨) ફિક્કી ચામડી.

૩) બેડોળ હાડકા.

૪) ઘેરા રંગનું મૂત્ર.

૫) સતત થાક લાગવો.

૬) ધીમો શારીરિક વિકાસ.

૭) પેડુમાં સોજો થવો.

**રોગના કારણો :** આ એક વારસાગત રોગ છે. માતા-પિતા તરફથી વારસાગત આ રોગ થઈ શકે છે. વર્તમાન કાળમાં માતા-પિતાની શારીરિક તપાસણી પછી આવનાર બાળકના જન્મ પહેલાા જ તેને રોકવાના પ્રયત્નો કરી શકાય છે. પરંતુ આ એક અનુવાંશિક પ્રકારનો રોગ હોવાથી તેને સહેલાઈથી રોકી શકાતો નથી. નોંધ : આના માટે લગ્ન પહેલાં પતિઅને પત્નીની શારીરિક તથા લોહીની તપાસ ખૂબ જ જરૂરી છે.

**સારવાર :** નજીવા થેલેસેમિયાનાં રોગીને સારવારની જરૂર હોતી નથી. પરંતુ ગંભીર સ્વરૂપના રોગમાં રોગીને સતત નવું લોહી ચડાવવાની જરૂરત હોય છે. જેથી રોગ સામે રક્ષણ મળી શકે. રોજીંદા નિયમિત જીવન માટે ઔષધ અને અન્ય પુરવણીઓની જરૂરત હોય છે.

**થેલેસેમીયા સાથેનું જીવન :** થેલેસેમીયાનાં રોગીઓનો શારીરિક વિકાસ હિમોગ્લોબીનની ઉણપ અને એનીમિયાનાં રોગને લીધે ખૂબ જ ધીમો હોય છે. આથી આ રોગીઓએ ખૂબ જ સ્વસ્થ આહાર અપનાવવો જરૂરી છે. તે ઉપરાંત પોતાના ડોક્ટર પાસે નિયમિત ઔષધ તથા અન્ય તત્વો બાબત માર્ગદર્શન મેળવવું.

### ખાસ નોંધ

જે સભ્યોને હૉસ્પિટલ ખર્ચ માટેની મદદ જોઈતી હોય તેમણે હૉસ્પિટલમાં દાખલ થનાર સભ્યનું નામ, ઉંમર, સભ્ય ક્રમાંક, રોગની વિગતો, હૉસ્પિટલનું નામ, એડ્રેસ આ બધી જ વિગતો દર્દીને દાખલ કરે તે જ દિવસે વોટ્સએપ દ્વારા મોબાઈલ નં. ૯૯૮૭૨ ૪૦૪૦૪ પર મેસેજ દ્વારા મોકલવો ફરજીયાત છે. આ પ્રકારના સંદેશ વગરનો કોઈપણ કલેઈમ સ્વીકારવામાં આવશે નહીં.

### જ્ઞાતિજનોના સરનામા વિશે ખાસ

આથી સર્વે જ્ઞાતિજનોને જાણ કરવાની કે, જે સભ્યોના રહેઠાણના સરનામા બદલાઈ ગયા હોય, તેમ જ અંક કે સરક્યુલર ન મળતા હોય, કે ડબલ મળતા હોય તેમને મહાજનશ્રીના કાર્યાયમાં અંધેરી ખાતે રૂબરૂ અથવા ટપાલ દ્વારા અથવા વોટ્સઅપ પર યોગ્ય સરનામાની જાણ કરવા વિનંતી. મોબાઈલ નં.: ૯૯૮૭૨ ૪૦૪૦૪

*With Best Compliments From :*

Kumar Sayani
+91 9820135235

# WINNPLAST

**MANUFACTURERS OF PLASTIC LIFE STYLE PRODUCTS**

Office : 9, Om Ashish Building,
Liberty Garden Road No. 4,
Malad (West), Mumbai - 400 064.
Tel.: 91-22-2880 5757 • Fax : 91-22-2881 6254
E-mail : sales@winnplast.com
Website : www.winnplast.com




Best quality T shirts in various designs & colours are now available on
Amazon
under brand name
**Forty Degree.**

*Also availabe at our show room :*

**NOBLE HOUSE**
105/109, Ravikiran Industrial Estate, Off. Link Road,
Near Monginis, Andheri (West), Mumbai - 400 053.

*For more enquiry and for corporate orders*
**Contact : 9821012462**

**Mr. RAJNIKANT NANDLAL GADHIA**
+91 98690 41875

**Mr. RAJAN R GADHIA**
+91 98203 03034

# R R INNOVATIVE PVT. LTD.

# R NANDLAL & SONS

**IMPORTERS, STOCKIST & DISTRIBUTERS :-**
**CHEMICALS / SOLVENTS**

OFF. :- B-9/10, KANMOOR HOUSE, 281/287 NARSHI NATHA STREET,
MASJID BUNDER, MUMBAI - 400 009.
TEL. : (O) +91 - 022 6120 7777 • FAX : +91 - 022 6120 7760 / 70
E-mail : chem@rrgroupindia.com • Website : www.rrgroupindia.com

## શ્રધ્ધાંજલિ

**સ્વ. શ્રી ગુલાબભાઈના પરિવારજનો...,**

એક ઋષિ તુલ્ય કર્મ નિષ્ઠ વ્યક્તિએ પોતાના ભાગે આવેલું અને કુદરતે નિર્મિત કરેલું આયુષ્ય ભોગવીને આ દુનિયામાંથી વિદાય લીધી. તેઓ જીવનના છેલ્લા શ્વાસ સુધી સતત જાગૃત અને કાર્યરત રહ્યા. જૈફ વયે પણ યુવાનોને શરમાવે તેવી ત્વરાથી તેઓ પોતાના કાર્ય કરતા.

રઘુવંશી સમાજના કોઈપણ માનવતાના કાર્ય હોય., તેમણે હંમેશા હૃદય પૂર્વક ઉદારતાથી પોતાનો સહયોગ આપ્યો છે. રઘુવંશી સમાજની અનેક સંસ્થાઓ સાથે તેમનું નામ અને માર્ગદર્શન સંકળાયેલા છે. તેમ છતાં તેઓ હંમેશા જળકમળ વત રહેતાં. પોતાનું કાર્ય પૂર્ણ કરવા સંચાલકોને પોતાની રીતે કાર્ય પૂર્ણ કરવા દેતા. પોતાનો કોઈ હઠાગ્રહ નહીં. પોતાના પરસેવાની કમાણી તેમણે પર સેવામાં લગાડી અને પોતાની લક્ષ્મીનું મહાલક્ષ્મીમાં પરિવર્તન કર્યું. તેમની ચિર વિદાયથી આપના પરિવારને ખોટ પડી છે પણ સમસ્ત રઘુવંશી સમાજ આજે તેમના જવાથી રાંક બન્યો છે.

પરમ જ્યોતિમાં વિલીન થઈ ગયેલી તેમની આત્મ જ્યોતિ આપ સહુના પથને પ્રકાશ આપતી રહે. અને આપ સહુને તેમની વિદાયથી થયેલ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના...

લિ.

**શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈ**

**સતીષ વિઠલાણી**

**પ્રમુખ**




POOJA®

Beautifully Yours

YOUR ONE STOP DESTINATION FOR FASHION JEWELLERY AND ACCESSORIES

• Mulund - Tel.: 25928189 • Borivali - Tel.: 2899819 • Andheri (W) - Tel.: 2639 8191
• Bandra - Tel.: 2605 8191 • Ghatkopar - Tel.: 21028191 • Vashi - Tel.: 2780 8191
• Dadar - Tel.: 24368191 • Mira Road - Tel.: 28118191 • Fort - Tel.: 2207 3531 • Churchgate - Asiatic Department store.

Print Master

# આભાર વિધિ

**Dear VIMALBHAI,**

*Very Sorry for late reply,*

*I have gone through the details you provided for the various philanthropy work you did during COVID lockdown and also glad to know that you have been regularly providing Anna Sahay to needy on regular bases.*

*It is a matter of great pride and honour for me and the whole community.*

*I am the president of Ghoghari Lohana Mahajan Mumbai. We are at Paliram Road, Andheri.*

*Presently I am at Valsad since 3 months due to lockdown.*

*With your permission we wish to recommend your name to Lohana Mahaparishad's awards and also wish to publish this in our magazine.*

*We will be in touch.*

*Jai Jalaram, Jai Mahaparishad.*

**SATISH VITHALANI**

---

**શ્રી લોહાણા મહાપરિષદ એ વિશ્વમાં વસતા સમગ્ર રઘુવંશીઓની માતૃ સંસ્થા છે. આ સંસ્થા કર્મવીર સેવક શ્રી પ્રવીણભાઈ તલકસીભાઈ કોટકનાં નેતૃત્વ હેઠળ અનેકવિધ સેવાકીય અને સમાજ ઉપયોગી રચનાત્મક પ્રવૃત્તિઓ કરતી આવી છે.**

આ માતૃ સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૦-૨૦૨૫ માટે મધ્યસ્થ મહાસમિતિની રચના કરી છે. જેમાં આપણા માનવંતા પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીનાં નેતૃત્વ હેઠળ નીચે મુજબના સભ્યોની નિમણુંક કરવામાં આવી છે.

૧) શ્રી ખીમજી ભગવાનદાસ ચેરિટી ટ્રસ્ટ, મુંબઈના પ્રતિનિધિ તરીકે **શ્રી સતિષભાઈ ડી. વિઠલાણી.**

૨) શ્રી લોહાણા મહિલા સમાજ, મુંબઈનાં પ્રતિનિધિ તરીકે **શ્રીમતી રશ્મીબેન એસ. વિઠલાણી.**

૩) શ્રી ઘોઘારી લોહાણા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રતિનિધિ તરીકે **શ્રી દેવેન્દ્રભાઈ પી. સૌમૈયા.**

૪) શ્રી ઘોઘારી લોહાણા મહાજન-મુંબઈનાં પ્રતિનિધિ તરીકે.

અ) **શ્રી કુણાલભાઈ પી. વજાણી.**

બ) **શ્રી જનકભાઈ સી. ઠક્કર.**

ક) **શ્રી અજીતભાઈ એલ. ઠક્કર.**

ડ) **શ્રી મનોજભાઈ આર. ગઢીયા.**

ઇ) **કુણાલભાઈ વાય. ગઢીયા.**

ઈ) **શ્રીમતી જ્યોતિબેન કે. ઠક્કર.**

ઉ) **શ્રી રમેશભાઈ એચ. ગઢીયા.**

૫) શ્રી લોહાણા યુવક મંડળ મુંબઈ-અંધેરી / પાર્લા તરફથી પ્રતિનિધિ તરીકે **શ્રી વિદ્યુતભાઈ વી. સાયતા.**

૬) શ્રી લોહાણા વિદ્યાર્થી ભુવન અંધેરી, મુંબઈ તરફથી પ્રતિનિધિ તરીકે **શ્રી મહેશભાઈ આર. રાજા.**

**ઉપર દર્શાવેલે સર્વ પ્રતિનિધિઓને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.**

# આભાર વિધિ

*Dear Sir,*

*Here is the details of donations made by me During lockdown : April - May 2020.*

1) ***Prime Minister*** *(Cares fund Donation) -* ***VIMAL SEDANI*** *- Rs. 2,11,000/- (Two Lacs Eleven Thousands).*

2) ***LATA NARESH SEDANI CHARITABLE TRUST*** *- Rs. 3,00,000/- three Lacs (Total Rs. 5,11,000/-)*

3) ***MANMANDIR GAUSHALA AT BARSANA, UTTAR PRADESH - VIMAL SEDANI*** *- Rs. 5,00,000/- (Five Lacs).*

*Ration Kits (enough for a small family for 4-6 weeks) home delivered to 40+ Needy Lohana Families in Suburbs of Mumbai like : Dahisar, Mriaroad, Bhayander, Nalasopra, Vasai, etc. Worth of Approx amount Rs. 60,000/-/*

4) ***JALARAM MANDIR NARSINGI*** *- For Annashetra - Rs. 25,000/-*

5) ***SECUNDERABAD LOHANA MAHAJAN JALARAM MANDRI*** *- Rs. 25,000/-*

***Note :*** *All the above transactions are made through Bank and to the respective accounts.*

*These are Major Donations made to aid the COVID-19 relief activity by various institutions activities like medical aid, for poor & helpless.*

***VIMAL SEDANI,*** *50 Years, based in Juhu Mumbai, is a first generation entrepreneur, engaged in Diamond Jewellery to leading chain stores / brands across Major markets of USA & Europe.*

*Philanthropy & Annaseva is not one time but an ongoing regular activity at his enterprise.*

*Thanks & Regards,*

***VIMAL SEDANI***

શ્રી ઘોઘારી લોહાણા મહાજનના પરિવારના સભ્યોને આ કોવિદ્ - ૧૯ના મહામારીના સમયમાં જરૂરી જણાય ત્યારે કોરોનાનો ટેસ્ટ કયાં કરાવવો, જો રિપોર્ટ પોઝિટિવ આવે તો કયાં સંપર્ક કરવો, કયાં દાખલ થવું, ઘરમાં (હોમ કવોરેન ટાઈન) કેવી રીતે કરવું. વગેરેની જરૂરી માહિતી મેળવવા માટે નીચેના ફોન નંબર પર સવારે ૧૦.૦૦ થી રાત્રે ૮.૦૦ સુધીમાં સંપર્ક કરવો. - **ડૉ. મનસુખભાઈ ચોલેરા - ૯૮૬૭૫૦૯૦૩૧, ડૉ. ઈશાન ઠક્કર - ૯૮૨૦૭૨૨૪૯૦, ડૉ. મિહિર ખખ્ખર - ૯૮૨૦૪૫૨૧૪૭.**

## ખાસ નોંધ

પ્રસ્તુત અંકમાં પ્રકાશિત લેખો, મંતવ્યો તથા વ્યક્ત થયેલા વિચારો જે તે લેખકમા છે. લેખોમાં પ્રકાશિત માહિતીની જવાબદારી લેખ મોકલનારની અને જાહેરખબરમાં પ્રકાશિત માહિતીની જવાબદારી જાહેરખબર કર્તાની રહેશે. આ માટે મહાજનશ્રી, તેના પદાધિકારીઓ, સભ્યો, મુખપત્રના તંત્રી, સહતંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક જવાબદાર રહેશે નહીં.


**શ્રી લોહાણા મેરેજ બ્યુરો**

-: સમય :-
સોમ થી શનિ :-
૧૦ થી ૧
સાંજે ૪ થી ૭
રવિવાર : ૧૦ થી ૧



**વસંતભાઈ ઉનડકટ**
મોબાઈલ: ૯૮૨૦૬ ૪૪૪૭૩
વોટ્સઅપ : ૭૦૨૧૦ ૬૩૫૮૧
ફોન : ૦૨૨ - ૨૮૦૭ ૪૬૮૧

**Abroad India Highly Qualified** કુંવારા, સગપણ તુટેલા, ડિવોર્સી, વિધુર, મોટી ઉંમરના વેલસેટ ફેમીલીના યુવક - યુવતી સંપર્ક.

જી-૬, ઘનશ્યામ નગર (બેક સાઈડ), રેલ્વે સ્ટેશનની બાજુમાં, સિને મેક્સ (સોના ટોકીઝની) બાજુમાં, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭. **E-mail : lohanamarriage@gmail.com**

# BEST WISHES FROM RASHMI & SATISH VITHALANI

A touch of Art to turn
the ordinary into extraordinary.



When it's a matter of beauty and grace, there is always a need for a special touch of the extraordinary, to bring out the elegance within. This is where we come in. With over two decades of experience in the manufacture and export of a wide range of superior quality Beads, Chatons, Cup Chains, Hot Fix etc., Art Group has become a name to be reckoned with, both in the domestic and international market.

OUR PRODUCT RANGE

- Glass Seed Beads
- Pressed Glass Beads
- Fire Polished Faceted Glass Beads
- Machine Cut Glass Beads
- Machine Cut Loch Roses
- Machine Cut Chaton Roses (Hotfix)
- Machine Cut Chatons
- Brilliant / Extra Brilliant Chatons
- Fire Polished Moulded Chatons
- Cup Chains
- Sew on Cups



Art Group's products help embellish

• Fashion Jewellery • Hair Accessories • Garment Embellishments • Prayer bead chains and strings • Handicrafts • Ladies handbags and other fashion accessories • Decorative items • Trimmings • Footwear • Light Fittings • Curtains • Body Tattoos • Cell Phones • Laptops and other electronic devices.

Parent Brand KRUPA ™

ART GROUP ™

Head Office : 5/32, 2nd Panjrapole Lane, C.P. Tank Road, Mumbai 400004, India
Tel. - +91-22-2242 6064 / +91-22-2242 6080 | Fax - +91-22-2242 3376 | E-mail: sales@artgroupindia.com | Web : www.artgroupindia.com




"CHRISTMAS - EXCHANGE OFFER"
GET UP TO 60% DISCOUNT ON FURNISHINGS



કર્ટન ફેબ્રીકસ । સોફા ફેબ્રીકસ । રેડીમેડ કર્ટન્સ । હોમ અને બાથ લિનન । કુશન કવર્સ-પીલો
કાર્પેટ્સ । મેટ્રેસીસ । સોફા બેક । રીમોટ કન્ટ્રોલ્ડ કર્ટન્સ । કર્ટેઈન રોડ્સ । વૉલ પેપર્સ

બધી અગ્રગણ્ય બ્રાન્ડસના કેટલોગ્સ ઉપલબ્ધ છે । સ્ટિચીંગની સુવિધા
ઈન્ટીરિયર ડિઝાઈનિંગ સર્વિસીસ । NRI ગ્રાહકો માટે ખાસ કુરીઅર સેવા

**બોરીવલી (વે)**
હેડ ઑફિસ અને શોરૂમ :
પોઈસર બસ ડેપોની બાજુમાં, એસ.વી. રોડ.
ફોન : ૨૮૯૧૨૯૫૫ / ૫૬ / ૫૯ / ૯૩૭૨૭૦૭૫૨૪/૨૫

**વિલેપાર્લે (વે)**
મેક ડોનાલ્ડ સામે, નિર્મલ બિલ્ડિંગ,
દશરથલાલ જોશી માર્ગ.
ફોન : ૨૬૧૪૬૦૦૮ / ૨૬૧૨૨૧૨૪ / ૯૧૨૭૪૪૪૧૭૨

રાજકોટ (વે)

વિરાર (વે)

Trusted Since 1971
OSAKA
SPIRIT OF FURNISHINGS
OSAKA FURNISHINGS LIMITED
For Export & Corporate queries call : 93727 07524 / 25
www.osakafurnishings.com | Email: osaka1971@gmail.com
Showrooms Open All Days

Published on 20th June, 2020

RNI No.: MAHGUJ/2019/78228


# Centralised location for Pilgrims & Tourists



## Khimji Bhagwandas Arogya Bhavan

Khimji Bhagwandas Arogyabhavan is strategically located on the banks of the holi river, in Panchavati.This place is known for pilgrimage & has significant religious significance for Hindus with a temple complex on the bend of the Godavari river, which includes Kalaram Temple.
Driving distance from highway (Dwarka Naka) is approx 10min.



**Profit if any earned from this Arogya Bhavan is utilized for Charity purpose**

### Key features

- 14 Air conditioned rooms with attached bathroom with hot & cold water.
- 2 Air conditioned Banquet halls measuring about 4000 sq.ft. each.
- Room charges per day - Rs 1950/- plus taxes for 2 pax which include complimentary Breakfast, lunch, evening tea & dinner.
- Extra person in room - Rs 800/-plus taxes for each pax which include complimentary Breakfast, lunch, evening tea & dinner. (maximum 2 pax )
- Room for Lohana community - Rs 1500/- plus taxes per day for 2 pax which include complimentary Breakfast, lunch, evening tea & dinner and Extra person in room - Rs. 500/- plus taxes for each pax.
- Car parking and Driver Charges Extra.

## For information & reservation

Sardar Chowk, Muthe Gali, Panchvati, Nasik - 422003
Tel : +91 253 2512724 / 2510426, +91 8928289929 Fax : +91 253 2512724
Email ID : khimjibhagwandas@gmail.com Web : www.khimjibhagwandascharitytrust.org


*If undelivered please return to :*

From :

**Ghoghari Lohana Samajik Sandesh**

Lohana Bhuvan, Paliram Road, Andheri (West), Mumbai - 400 058.

Printed and Published by SATISH D. VITHALANI on behalf of SHREE GHOGHARI LOHANA MAHAJAN, Printed at THAKKAR CREATION 1, NEW JALARAM NIKETAN, M. D. ROAD, KANDIVALI (EAST), MUMBAI 400 101 and Published from SHREE GHOGHARI LOHANA MAHAJAN, BLOCK A, LOHANA BHUVAN, GROUND FLOOR, PALIRAM ROAD, BEHIND MUNICIPAL HOSPITAL, ANDHERI (WEST), MUMBAI 400 058. Editor : RAMESH HIRALAL GADHIA